ગુજરાત રાજ્ય કાયદા પંચની રચના બાબત.

ગુજરાત સરકાર.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
ઠરાવ ક્રમાંક:એલએસી-૧૦૯૮-૨૭-ઇ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨-૬-૯૮.

ઠ રા વ :-

ગુજરાત રાજ્ય કાયદા પંચની રચના કરવા બાબત છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે દર્શાવ્યા મુજબના સભ્યોના બનેલા ગુજરાત રાજ્ય કાયદા પંચની રચના કરવાનો નિર્ણય લીધેલ છે.

(૧) અધ્યક્ષશ્રી- (ગુજરાત હાઇકોર્ટના વર્તમાન અથવા નિવૃત્ત ન્યાયમૂર્તિ)

(૨) બિન-સરકારી સભ્યો - બે

૩. પંચના અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓની નિમણૂંક, તેઓની સેવાની શરતો તથા સંલગ્ન મહેકમની બાબત હવે પછી નક્કી કરવામાં આવશે.

૪. પંચના કાર્યક્ષેત્રમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે :-

(૧) બદલાયેલા સામાજિક, આર્થિક ઉદ્દેશો સિદ્ધ કરવા માટેનું અસરકારક સાધન બની રહે તે માટે કાયદાઓની સુસંગતતા તપાસી જઇ નવા કાયદાઓ સંયોજિત કરી લોકોની આશાઓ અને આકાંક્ષાઓને અનુરૂપ બનાવવા સૂચનો કરવા.

(૨) બંધારણમાં દર્શાવેલા માર્ગદર્શક સિદ્ધાંતો (ડાયરેક્ટીવ પ્રીન્સીપલ ઓફ સ્ટેટ પોલીસી) ને અનુરૂપ અને સુસંગત બનાવવા જરૂરી ફેરફારો અને સૂચનો સૂચવવા તેમજ જરૂર જણાયે નવા કાયદાઓ ઘડવા માટે સૂચનો કરવા.

(૩) કાયદાનો અમલ કરાવનાર વ્યક્તિ/અધિકારી તેનો અમલ કરાવવામાં નિષ્ફળ જાય તો તે માટે તેની જવાબદારી નક્કી કરતી જોગવાઇ કાયદામાં કેટલે અંશે સામેલ કરી શકાય તેમ છે તેની ચકાસણી કરી સૂચનો કરવા.

(૪) કાર્યપદ્ધતિ વિષયક કાયદાઓ (Procedural Laws)ની પુન: ચકાસણી કરી તેમાં રહેલી વિસંગતતા દૂર કરી તેમજ કાર્યવાહી સંક્ષિપ્ત થઇ શકે તેવા ઉપાયો અને સૂચનો સૂચવવા.

(૫) હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ચુકાદાથી ધ્યાનમાં આવેલ કાયદાકીય વિસંગતતા અને અસંદિગ્ધતા દૂર કરવા અંગેના ઉપાયો અને સૂચનો સૂચવવા.

(૬) પ્રવર્તમાન કાયદાઓનો હેતુ બર ન આવતો હોવાને કારણે તથા કાનૂની ગ્રંથોમાં જે સ્વરૂપે કાયદા છે તથા જે સ્વરૂપમાં કાયદા ઘડવામાં આવેલ છે

તે સ્વરૂપમાં તેની આવશ્યકતા ન હોવાને કારણે તે કાયદા રદ કરવાની કે સુધારવાની શકયતાઓ તપાસી ઉપાયો અને સૂચનો સૂચવવા.

(૭) એક જ વિષયને લગતા પ્રવર્તમાન અલગ અલગ કાયદાઓની કાનૂની ચકાસણી કરી આવા કાયદાઓનું એકત્રીકરણ કરી એક જ કાયદો કરવાની શકયતા તપાસી સૂચનો કરવા.

(૮) રાજ્ય સરકારના વિવિધ વિભાગોના તજજ્ઞ જૂથો દ્વારા કાયદામાં રીવીઝન/સુધારાઅંગેના સૂચનોનો કાયદાઓના સંકલન કરવાના હેતુને ધ્યાનમાં રાખી વિચારણા કરવી.

(૯) કાયદાના ક્ષેત્રમાં નાગરિકોની મુશ્કેલીઓ સામે તાત્કાલિક ઉપાયો થઇ શકે તેવા જરૂરી ઉપાયો (માપદંડો) સૂચવવા.

(૧૦) ગરીબોને અસર કરતા કાયદાઓ તપાસી સમીક્ષા કરવી.

(૧૧) કાયદાઓને સંબંધી સરકાર તરફથી જે સોંપવામાં આવે તેવી કોઇ અન્ય બાબતો અંગે વિચારણા કરવી તથા સરકારને પોતાનું મંતવ્ય જણાવવું.

૫. સદરહુ પંચની મુદત, પંચ તેની કામગીરી શરુ કરે તે તારીખથી એક વર્ષની રહેશે.

૬. પંચનું વડુ મથક અમદાવાદ રહેશે.

૭. આ અંગે થનાર ખર્ચની જોગવાઇ અંગેના હુકમો અલગ રીતે કરવામાં આવશે.

૮. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૯-૬-૯૮ ના રોજની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

(આર. એમ. પરમાર)
સરકારના નાયબ સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી (પત્ર દ્વારા),
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી,
- સચિવાલયના સર્વે વિભાગો,
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા),
- વિરોધપક્ષના નેતાશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર, (પત્ર દ્વારા)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ,
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
- રેસીડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- વૈ. અને સં.વ્રા. વિભાગની સર્વે શાખાઓ,
- સિલેકટ ફાઇલ.